# જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટરની કચેરી, ડાંગ-આહવા

ફોન નં.૦૨૬૩૧-૨૨૦૨૦૧ ફેક્સ નં.૦૨૬૩૧-૨૨૦૨૯૪ E-mail- collector-dan@gujarat.gov.in


ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૨૩૨૯ થી ૨૩૫૬/૨૦૨૫ તા.૦૪/૦૬/૨૦૨૫

## ::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું::

પ્રાદેશિક અધિકારી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, વાપીના તા.૨૮/૦૫/૨૦૨૫ના ઈમેઈલ પત્રથી આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ની થીમ "Ending Plastic Pollution Globally" નો ઉદ્દેશ પ્લાસ્ટિક કચરાને નાબૂદ કરવા માટે વૈશ્વિક પગલાંને પ્રોત્સાહન આપવા અંગે જરૂરી પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવા જણાવેલ છે.

ડાંગ જિલ્લામાં સ્થિત સાપુતારા ગિરિમથક ખાતે વિશાળ સંખ્યામાં મુલાકાતીઓ આવતા હોય છે. પર્યટકો દ્વારા મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક ઉત્પાદનો વાળી ચીજ વસ્તુઓ લાવવામાં આવે છે. જે અંતે પ્લાસ્ટિક વેસ્ટ સ્વરૂપે સદર વિસ્તારમાં એકઠો થતો હોય છે. આવો પ્લાસ્ટિક કચરો નોન બાયોડિગ્રેડેબલ છે. જે આસપાસના વન્યપ્રાણીઓ અને પર્યાવરણને હાનિ પહોંચાડે છે જેથી પર્યાવરણીય સંતુલન બગડે છે. પ્લાસ્ટિકના પ્રદૂષણ બાબતે અસરકારક પગલાં લઈ શકાય અને પ્લાસ્ટિકના પ્રદૂષણનું પણ નિયંત્રણ થઈ શકે અને વન્ય જીવ તથા પર્યાવરણને થતું નુકશાન અટકાવી શકાય તે હેતુથી સાપુતારા ગિરિમથકના વિસ્તારમાં પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, **વિ.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, સાપુતારા ગિરિમથક ખાતે સિંગલ યુઝ પ્લાસ્ટિકની નીચે મુજબની ચીજવસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવુ છું.

(૧) ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક બોટલ, પ્લાસ્ટિકની લાકડીઓવાળા ઈયરબડ્સ, પ્લાસ્ટિકના ધ્વજ, સજાવટ માટે પોલિસ્ટીરીન [થર્મોકોલ].

(૨) ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક પ્લેટો, કપ, ગ્લાસ, કટલરી જેમ કે કાંટા, ચમચી, છરીઓ, સ્ટ્રો, ટ્રે તેમજ અન્ય પ્લાસ્ટિક પેકિંગ મટીરીયલ, ૧૦૦ માઈક્રોનથી ઓછા પ્લાસ્ટિક અથવા પીવીસી બેનરો.

ઉપરોક્ત સિંગલ યુઝ પ્લાસ્ટિક ચીજવસ્તુઓના સ્થાને પર્યાવરણીય સુરક્ષિત એવી વૈકલ્પિક ચીજવસ્તુઓ (જેવી કે ફરી વપરાશમા લઇ શકાય એવી પાણીની બોટલ,પેપર કપ/પ્લેટ, કાપડ/શણની થેલી, વાંસના ઉત્પાદો )ના વપરાશને પ્રાધાન્ય આપવુ ઇચ્છનીય છે. આ હુકમની અમલવારી જે-તે વિભાગના જે-તે વિસ્તારના તમામ સ્તરના જવાબદાર અધિકારીશ્રીઓ દ્વારા કરાવવાની રહેશે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૦૪/૦૬/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૦૩/૦૮/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર સાપુતારા નોટિફાઇડ એરિયા વિસ્તાર

::શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્ઘઘન કરનારને (સાપુતારા ગિરિમથક ખાતે ના વિસ્તારમા જો કોઇ વ્યક્તિ પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ/પ્લાસ્ટિક કચરો જાહેર જગ્યામા ફેંકતા પકડાશે તો) ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૦૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે તથા ચીફ ઓફિસરશ્રી, નોટીફાઇડ એરીયા કચેરી સાપુતારા દ્વારા નિયત કરવામાં આવેલ દંડની રકમ અધિકૃત કરેલ કર્મચારી દ્વારા મેળવવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્ઘઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિદ્ધિ કરવાની રહેશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા.૪/૦૬/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

(વિ.કે.જોષી)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ડાંગ-આહવા